

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠામાં હજુ જોઈએ તેવી ઠંડી પડતી નથી. શિયાળાના ખાસ દિવસો વિતવા છતાં ઠંડીએ પોતાનો મિજાજ નહી બતાવતા ખેતી પાકો પર પ્રતિકુળ અસર જોવા મળી રહી છે. ત્યારે ગરમ કપડાનું વેચાણ નહી થતાં વેપારીઓ પણ દ્રિધામાં મુકાયા છે. ડીસા પંથકમાં શિયાળુ સીઝનના બટાટાનું વાવેતર તેમજ ઘઉ, રાજગરો સહિત પાકોનું વાવેતર થઈ ગયુ છે. પરંતુ દિવસ દરમ્યાન વાતાવરણમાં વધારે ભેજ અને તાપમાન રહે છે. જયારે રાત્રિના સમયે ઠંડીનો ચમકારો વર્તાય છે. આવી પરિસ્થિતિ વચ્ચે લોકોને મિશ્ર ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી તરફ વેપારીઓએ ગરમ કપડાનો સ્ટોલ માર્કેટમાં ખડકી દીધો છે. પરંતુ ઠંડીના અભાવે વેચાણ ન થતાં વેપારીઓ પણ દ્રિધામાં મુકાઈ ગયા છે. આ બાબતે ડીસા આદર્શ હાઈસ્કૂલ સામે ગરમ કપડાંનો સ્ટોલ ગોઠવનાર ચેતનભાઈ ખત્રીએ જણાવ્યું હતું કે ઠંડીના અભાવે ઘરાકી ઉઘડી નથી એટલે હજુ ગણ્યા ગાઠ્યા પીસ પણ વેચાયા નથી. ઠંડીનો ચમકારો શરૂ થાય તો જ ગ્રાહકો ગરમ કપડાની ખરીદી અર્થે આવે.

# સાબરકાંઠા-અરવલ્લી આર.ટી.ઓ. કચેરીના અંદરના ગજગ્રાહનો ભોગ બનતા અરવલ્લી જિલ્લાના વાહનચાલકો

મોડાસા, તા. ૧૯

રાજય સરકાર દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફીક નિયમોની જાળવણી તથા અકસ્માત નિવારણ ઝુંબેશ ચાલી રહી છે ત્યારે અરવલ્લી જિલ્લાના વાહનચાલકોને અરવલ્લી પડતુ હોવાથી લોકોના નાણા અને સમય વેડફાય છે.

અરવલ્લી જિલ્લાની નવરચના થતાં અરવલ્લી જિલ્લામાં સમાવેશ તાલુકાની પ્રજામાં આનંદ છવાયો હતો. પરંતુ અરવલ્લી જિલ્લાના અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર વેપાર, શિક્ષણ, આરોગ્યલક્ષી સેવાઓ અને સામાજીક કારણોસર અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના, મેઘર તાલુકાના, બાયડ, ધનસુરા તથા ભીલોડાના પ્રજાજનો અરવલ્લી જિલ્લા ટ્રાફીક નિયમોની જાળવણી ઝુંબેશ હેઠળના ભાગરૂપે વનાહનો જપ્ત કરી આર.ટી.ઓ. કચેરીની દંડની પાવતી પકડાવી દેવામાં આવે છે. આ દંડની રકમ ભરવાની સગવડ અરવલ્લી જિલ્લાના મોડાસા પડતી હાલાકી જોઈને મોડાસા તાલુકાની અગ્રણી સેવાકીય મંડળ મારૂતિ વિકાસ મંડળના પ્રમુખ નિલેષ જોષી, હોદ્દેદારો અને મોડાસા શહેરની વિવિધ સામાજીક સંસ્થાઓના આગેવાનો તેમજ મોડાસા શહેરના



(તસવીર : જય અમીન, મોડાસા)



જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા ટ્રાફીકના નિયમોના ભંગ કરવાના કાનૂન હેઠળ દંડ ફટકારવામાં આવે છે. જે દંડની રકમ ભરવા માટે વાહનચાલકોને મોડાસા શહેરમાં આર.ટી.ઓ. કચેરી હોવા છતાં બન્ને જિલ્લા કચેરીઓના અંદરો અંદરના ગજગ્રાહના લીધે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર આર.ટી.ઓ. કચેરીએ ભરવા જવુ નિર્માણ થયાને સવા વર્ષ જેટલો સમય થયો હોવા છતાં કેટલીય સરકારી કચેરીઓના મુખ્ય કચેરીઓનું વિભાજન ન થવાથી અરવલ્લી જિલ્લાની પ્રજાને સરકારી કામકાજ અર્થે વારંવાર હિંમતનગર દોડધામ કરવી પડે છે.

અરવલ્લી જિલ્લાનું પાટનગર મોડાસા શહેર હોવાથી તેમજ ધંધાના કામ અર્થે કે ખરીદી માટે તેમજ સરકારી કામકાજ અર્થે મોડાસા શહેરમાં દ્વિચક્રી અને ફોરવ્હીલ વાહનો લઈને આવતા હોય છે. આ સંજોગોમાં ઘણા નાગરિકો પાસે વાહન ચલાવવાના લાયસન્સ હોતા નથી તેમજ ટ્રાફિકના નિયમોની સંપૂર્ણ જાણકારીના અભાવે ટ્રાફીકના નિયમોનું પાલન થતુ નથી. જેથી શહેરમાં ન હોવાથી તમામ લોકોને દંડ ભરવા માટે હિંમતનગર આર.ટી.ઓ. કચેરીએ જવુ પડે છે. જેના કારણે લોકોનો સમય અને ખર્ચ વધી જવાથી હાડમારીનો ભોગ બનવું પડે છે. રોજબરોજ બનતી આવી ઘટનાઓથી મોડાસા તાલુકાના પ્રજાજનોનો રોષ આસમાને પહોંચી ગયો છે.

આ પ્રજાજનોનો રોષ અને યુવાનો અને દંડનો ભોગ બનેલા આમ આદમી વગેરેએ અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીમાં અરવલ્લી જિલ્લા નિવાસી અધિક કલેક્ટર અને અધિક્ષક જિલ્લા કલેક્ટર એ.બી. પટેલને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું અને મોડાસા શહેરની પ્રજાને પડતી હાલાકીમાંથી છુટકારો મળે તેમ જણાવ્યું હતું.

# મોડાસા સીડ્સ ફર્ટીલાઈઝર એસો.ની સામાન્ય બેઠક યોજાઈ

નવરચીત અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની બિયારણ તથા ખેતીને ઉપયોગી દવાઓ વેચતા વેપારીઓના સીડ્સ એસોસીએશનના સભ્યોની સામાન્ય સભા ખડાયતા બોર્ડીંગમાં યોજાઈ હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બસસ્ટેન્ડ રોડ ઉપર આવેલી ખડાયતા બોર્ડિંગમાં સીડ્સ એસોસીશનની મીટીંગમાં સીડ્સ એસોસીએશનના પ્રમુખ સુભાષભાઈ શાહ નાગરિક બેંકમાં જંગી બહુમતીથી ચેરમેન તરીકે ભવ્ય વિજય થવા બદલ અરવલ્લી બિયારણના વેપારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના સીડ્સ એસો દ્વારા ભારત સરકારના 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત સીડ્સ એસોસીએશનમાં જોડાયેલા તમામ વેપારી મિત્રોએ સ્વચ્છતા જાળવવાના ભાગરૂપે પોલિથીન બેગનો ઉપયોગ આવતા મહિનાથી સંપૂર્ણ બંધ કરવાનું જાહેર કરેલ છે. તેમજ પોતાના ધંધા-રોજગાર આગળ ડસ્ટબીન મુકી ગંદકી દૂર કરવા સૌ વેપારી મિત્રોએ નિર્ધાર કર્યો હતો. આ જનરલ સભામાં સહપરિવાર સાથે આવેલી બહેનોએ પણ ઘરમાં તેમજ આજુબાજુના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો. તેમજ આગામી થોડા સમયમાં અરવલ્લી એસોની રચના કરવા ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો. આ જનરલ સભામાં એસોસીએશનના પ્રમુખ સુભાષભાઈ શાહ, મંત્રી ઈશ્વરભાઈ પટેલ, પ્રીયંક પટેલ, અનિલ ખત્રી તથા સલાહકાર સમિતીના સભ્યો નિલેષ જોષી, નંદુભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભનું સફળ સંચાલન ડી.કે. પટેલે કર્યું હતું.

# દાંતીવાડાની મોર્ડન સ્કૂલનાં વિદ્યાર્થીઓની પીડા સાત માસ સુધી તંત્ર નિષ્ક્રિય રહેતા રોષ

દાંતીવાડા, તા. ૧૯

ગુજરાત સરકાર દ્રારા ગુજરાતની અમુક જ -ાથમિક શાળાઓનો મોર્ડન સ્કુલમાં સમાવેશ કરવામાં આવે છે. જે યોજના અંતર્ગત આ -કારની મોર્ડન સ્કુલોને સરકાર તરફથી અમુક રાશિ આપવામાં આવે છે. જોકે આ મોર્ડન સ્કુલને તૈયાર પ્લાન સરકાર આપી દેવામાં આવે છે. જે પ્લાન -માણે મોર્ડન સ્કુલને તૈયાર કરવામાં આવે છે. જોકે દાંતીવાડા તાલુકા ની એક માત્ર મોર્ડન સ્કુલ હાલ ધૂળ ખાઈ રહી છે કેમકે, સાત માસ થી આ સ્કુલ માં સમાંવીસ્ત ધોરણ છ અને નવ નાં બાળકો ને નવીન ભવન અપાયું નથી જેથી મજબુરી વશ મોર્ડન સ્કુલ ના રૂપકડા નામ સાથે જોડાયેલા બાળકો સરકારી સ્કુલ માં જ અભ્યાસ કરી રહ્યા છે? જેનાથી વિવાદ છવાયો છે.

આ ધટના ની વિગતો જોઈએ તો બનાસકાંઠા નાં દાંતીવાડા તાલુકા ની સરકારી સ્કુલ માં છેલ્લા સાત માસ થી મોર્ડન સ્કુલ માં -વેશ મેળવેલા ધોરણ છ અને નવ નાં વિધ્યાર્થિ અભ્યાસ કરે છે અહી સાત માસ થી ચાલતી આ મોર્ડન સ્કુલ સરકારી સ્કુલ ભુવન માં જ એટલા માટે ચાલે છે કે નવીન મોર્ડન સ્કુલ ભુવન નો કબજો સરકાર નાં જ પી.ડબ્લ્યુ વિભાગે જીલ્લા શિક્ષન અધિકારી કચેરી ને સોપ્યો નથી ,તો વળી, એક બચાવ એવો પણ આવ્યો છે કે અહી પીવાના પાણી ની પાયા ની સુવિધા નથી જેથી અપૂરતી સવલતો સાથે અહી ભણતા માસુમ બાળકો મોર્ડન સ્કુલ નાં રંગે રંગાઈ મોર્ડન સ્કુલ નાં સ્કુલમાં ખાસ કરીને ચિત્રોમાં અનેક રંગોનો ઉપયોગ જોઈ છોકરાઓ આ રંગબેરગી કલર જોઈને ખીલી તો ઉઠે છે પણ ગીચોગીચ કલાસ માં પાયા ની સુવિધા થી પીડિત બન્યા છે.આ સ્કુલ નાં વિદ્યાર્થી ઓં નીકીતાબેન રાવળ અને વિદ્યાર્થીનીવર્ષા ચોધરી એ પીડા સાથે જણાવેલ કે છેલ્લા સાત માસ થી સરકારી સ્કુલ માં જ અભ્યાસ કરતા અડધું સત્ર પૂરું થયા છતાં મોર્ડન સ્કુલ માટે સેવેલા અમારા સપના પુરા થયા નથી ,અમોને મોર્ડન સ્કુલ માં -વેશ આપવા માં આવે તેવી સરકાર સમક્ષ અમારી માંગ છે.

જયારે છેલ્લા સાત માસ થી સરકારી સ્કુલ ભુવન માં જ ચલાવાતી આ કહેવાતી મોર્ડન સ્કુલ માં છાસવારે આજુબાજુ ની સ્કૂલો માં થી શિક્ષકો બોલાવી કામ ચલાવાય છે ,જે સ્કુલ માં થી અહી શિક્ષકો મુકાય છે,તેમની સ્કુલ માં ઘટ પડી રહે છે અને શોસવવાનો વારો વિદ્યાર્થી ઓં નો હોય છે.ત્યારે અહી અન્ય સ્કુલ માં થી મોર્ડન સ્કુલ બાળકો ને ભણાવવા મુકાયેલા મોર્ડન સ્કુલ શિક્ષક હિતેશભાઈ એ આ ગંભીર બેદરકારી કમને કબૂલી હતી.

જયારે આ મામલે સ્કુલના બી.આર.સી. ભાવેશ પંચાલ ના મતે આ -કારની મોર્ડન સ્કૂલો ની -કિયાથી સ્કુલના વિધાર્થીઓમાં નૈતિક મૂલ્યો વધ્યાં છે. પરંતુ દાંતીવાડા ખાતેની મોર્ડન સ્કુલ નાં નવીન ભુવન ને નિર્માણ થયે સાત માસ થયા હોવા છતાં અમો સરકારી સ્કુલ માં જ મોર્ડન સ્કુલ ના બાળકો ને ભણાવીએ છીએ.અનેકો વાર મોર્ડન સ્કુલ ના નવીન ભુવન માં અમોને -વેશ માટે રજુઆતો થયેલ છે.આ બાબતે જીલ્લા શિક્ષન અધિકારી એ તાત્કાલિક આ સ્કુલ નો કબજો મેળવી બાળકો ને આં સ્કુલ માં તાત્કાલિક -વેશ અપાશે અને આ રીતે આ સમસ્યા નો સુખદ અંત આવશે તેવો પણ તેમને આશાવાદ સેવેલ છે.

ત્યારે સવાલ એ થાય છે કે સાત માસ થી મોર્ડન સ્કુલ માં ભણવાના સપના સેવતા માસુમ બાળકો ને હજુ કેટલો સમય આ સરકારી સ્કુલ ને જ મોર્ડન સ્કુલ માની મન મનાવી ભણવું પડશે ??



બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુરના ઉપક્રમે ધ્રાંગીવાસ ખાતે સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમ સંઘના ઉપાધ્યક્ષ જવાનસિંહ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમની ઉજવણીના પ્રારંભે સંઘના ઉપાધ્યક્ષ જવાનસિંહે સહકારી પ્રવૃત્તિ દ્વારા ગરીબ અને સામાન્ય વર્ગના લોકો તથા મહિલાઓના સશક્તિકરણ માટે પ્રયત્નો કરવા જરૂરી છે. આપણે સહુ ભેગા મળી સહકારનું જતન કરીએ અને શરમ સંકોચ વગર સહકારી પ્રવૃત્તિમાં જોડાવા તેમજ બહેનોની મંડળીની રચના કરવા અપીલ કરી હતી. ઉપરાંત સંઘના ડિરેક્ટર નાગજીભાઈ પટેલ, શાંતાબેન તરાલે પ્રાસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં બોહળી સંખ્યામાં સભાસદો અને ગ્રામજનો હાજર રહ્યા હતા અને આભારવિધિ માધુભાઈ ધ્રાંગીએ કરી હતી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# પાલનપુરના રતનપુર પ્રાથમિક શાળામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લા સહિત રાજ્યભરમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ થયો છે. ત્યારે પાલનપુર તાલુકાના રતનપુર ખાતે પણ પ્રા. શાળામાં આરોગ્ય તપાસણીનો કાર્યક્રમ યોજાયો હતો.

દાંતાના પૂર્વ ધારાસભ્ય શ્રી વસંતભાઈ ભટોળના અધ્યક્ષસ્થાને યોજાયેલ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં મેડીકલ ઓફિસર ડૉ. સતીષ પ્રજાપતિ અને આરોગ્ય સ્ટાફે બાળકોની શારીરિક તપાસ કરી હતી અને દિપ પ્રાગટ્ય, પ્રાર્થના સાથે કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. ગુજરાત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ બ.કાં. આયોજીત આ કાર્યક્રમમાં સી.ડી.એચ.ઓ.શ્રી ડૉ. આચાર્યએ બાળકોમાં થતા રોગો અંગે તે નિવારણ માટેના ઉપાયો સાથે શાળા આરોગ્ય તપાસણીનો હેતુ સમજાવ્યો હતો. અધ્યક્ષસ્થાનેથી પૂર્વ ધારાસભ્યશ્રી વસંતભાઈ ભટોળે જણાવેલ કે, વિકાસની સાથે ગુજરાતની ભાજપા સરકાર ભાવિ પેઢી એવા નાના ભુલકાઓ અને તેમના આરોગ્ય અંગે સતત ચિંતિત છે. રાજ્ય અને કેન્દ્રની સરકારે કુપોષણને ડામવા અભિયાન હાથ ધર્યું છે.

આ પ્રસંગે ક્વોલીટી ઓફિસર ડૉ. ત્રિવેદીભાઈ, તાલુકા શિક્ષણ અધિકારી નિરૂબા રાજપુત, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ધનજીભાઈ સોલંકી, તાલુકા વિકાસ અધિકારીશ્રી વસંતભાઈ સોલંકી, રતનપુર એમ.ઓ. ડૉ. પુષ્પાબેન પટેલ, સી.આર.સી. શ્રી પાંનાઈ, રતનપુર સરપંચ રમીલાબેન ચૌહાણ, બી.એચ. ઓ. ડૉ. બી.ડી. બસવેચા, આઈ.સી.ડી. એસ.ના સુપરવાઈઝર સોલંકીબેન સહિત આરોગ્ય ખાતેનો સ્ટાફ, મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ખેડબ્રહ્મા રીક્ષા એસોસીએશનની વાર્ષિક સભા ખેડબ્રહ્માના હનુમાનજી મંદિર ખાતે સોમવારના રોજ મળી હતી. આ સભાના અધ્યક્ષ સ્થાને સાબરકાંઠા ભાજપ જિલ્લા મહામંત્રી જશુભાઈ જે. પટેલ, પ્રવિણસિંહ ડી. સોલંકી, અરવિંદભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ સહીતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ રીક્ષા ચાલકોને ટ્રાફીકના નિયમો પાળવા જણાવ્યું હતું. આ પ્રસંગે રીક્ષા એસોસીએશનના પ્રમુખ પોપટભાઈ એફ. સોલંકી, અમૃતભાઈ ડાભી, રમણભાઈ વણકર, નસરૂદિન નાગોરી, કનુભાઈ પ્રજાપતિ સહિત રીક્ષા ડ્રાઈવરો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠામાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

પાલનપુર, તા. ૧૯

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ નવી દિલ્હી અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદની સુચના -માણે બનાસકાંઠા જિલ્લામાં તા.૬ ઠી ડિસેમ્બરને શનિવારના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યુ છે. રાષ્ટ્રીય લોક અદાલતમાં [--લીટીગેશન સ્ટેજના તથા પેન્ડીગ કેસો બનાસકાંઠા જિલ્લાની ન્યાયાલયોમાં તથા તાલુકા લેવલની અદાલતોમાં હોય તો જે તે લાગુ પડતી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ/ તાલુકા કાનૂની સેવા સમિતિ અથવા જે તે કોર્ટમાં તાત્કાલીક તમારા કેસો રાષ્ટ્રીય લોક અદાલતમાં મુકવા સંપર્ક કરી સૂચિત કરી શકાશે.

રાષ્ટ્રીય લોક અદાલતમાં દીવાની, ફોજદારી તથા વળતરને લગતા તમામ -કારના કેસો મુકવા માટે જે તે અદાલતનો સંપર્ક કરવાનો રહેશે. લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ-૧૩૮ના કેસો, અકસ્માત માહિતીનો રિપોર્ટ અને રાજય માર્ગ પરિવહન સહિતના મોટર અકસ્માતના કેસો, લગ્ન સબંધી ફેમીલી કોર્ટ, મજૂર વિવાદો જેમાં ફડચા સહિતના ઓધૌગિક કામદારોના વેતન અને અન્ય લાભોના વળતરને લગતા પડતર દાવાઓ દરખાસ્ત સહિતના જમીન સંપાદનના કેસો, ફેરફાર, ભાગલા/વિભાજન, ભાડા, બેન્ક વસુલાત, સુખાધિકારના હક્કો વગેરેના દીવાની દાવાઓ, ડેબ્ટ રિકવરી ટ્રીબ્યનલના કેસો, મહેસુલના કેસો, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરન્ટી કાયદો, વીજળી અને પાણીના બિલો, વેચાણવેરો, આવકવેરો, પરોક્ષ વેરો, મિલકત વેરો વિગેરે બાબતોના કેસો, સર્વિસ મેટરો જેવી કે પગાર-ભથ્થા તથા નિવૃત્તિના લાભો સબંધેના કેસો, ફોરેસ્ટ એક્ટના કેસો, કેન્ટોનમેન્ટ બોર્ડના કેસો, રેલ્વેના દાવાઓ, આફતો અંગેનું વળતર, પરચૂરણ અપીલ, ફોજદારી અપીલ, દીવાની અપીલ, સેકન્ડ અપીલ, મૂળ દાવાઓ, રિટો, હાઈકોર્ટ સમક્ષ મોટર અકસ્માત વળતરની અપીલો અને [--લીટીગેશનના કેસોનું સમાધાન કરી શકાશે.

આ ઉપરાંત મજુરને લગતાં કેસો જેવા કે વેતન, બોનસ, હંગામી રોજમદારના વેતન અને વીમા, સમાન્ય ભવિષ્યનિધિના કેસો, કૌટુંબિક કાયદાના કેસો જેવા કે છૂટાછેડા, લગ્નના હક્કો, દત્તક અને ભરણપોષણ, લગ્નધારાસબંધી કેસો તથા વળતરને લગતાં કેસો, અને નોકરી સબંધિત નિવૃત્તિ, તબીબી સુવિધાઓ વગેરે અંગેના કેસોનો પણ નિકાલ કરવામાં આવશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦